# ગુજરાત જાહેર સેવા આયોગ

ફોર્મની કિંમત : ૫૦/- રૂપિયા

## સીધી ભરતી માટેનું અરજીપત્રક

ક્રમ:-

ઉમેદવારે અરજીપત્રક ભરતાં પહેલાં પૃષ્ઠ ૫ થી ૮ ઉપરની સૂચનાઓ વાંચવી અને અનુસરવી.

૧. જાહેરાત ક્રમાંક :-

૨. અરજી કરેલ જગ્યાનું નામ :- ..........................................................................

૩. આયોગમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :-

૪. ચુકવેલ અરજી ફી ની વિગત :- રકમ (રૂા.) ........... રોકડા / ભા. પો. ઓર્ડર નં :- ......................અને તારીખ ................

**ફક્ત કચેરીના ઉપયોગ માટે**
(૧) બેઠક નંબર :- .........
(૨) રૂબરૂ મુલાકાતનો નંબર :-E -.......
(૩) ભલામણ /પ્રતીક્ષાયાદી નંબર :- .......

ઉમેદવારે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો પોતાની સહીવાળો ફોટો અહીં ચોંટાડવો.
[જુઓ સૂચના નંબર: ૫(૧)]

અરજી સ્વીકારનારની સહી.......................................... પહોંચ નંબર ................................ અને તારીખ....................

૧. ઉમેદવારનું નામ — અટક — નામ — પિતા /પતિનું નામ

(અંગ્રેજીમાં capital અક્ષરોમાં) Shri/Kum./Smt.............................................................................................

(ગુજરાતીમાં મોટા અક્ષરોમાં) શ્રી/કુમારી/શ્રીમતી ..........................................................................................

૨. પત્રવ્યવહારનું હાલનું સરનામું :- ........................................................................................
કાયમી સરનામું :- ........................................................................................

(પીન કોડ નંબર અવશ્ય લખવો) પીન કોડ નંબર
(પીન કોડ નંબર અવશ્ય લખવો) પીન કોડ નંબર

૩. (અ) જન્મ તારીખ :- દિવસ — માસ — વર્ષ
(એસ.એસ.સી. / એચ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર અનુસાર)

(બ) જાહેરાતમાં દર્શાવેલ તારીખે ઉમર — વર્ષ — માસ — દિવસ

૪. ફક્ત અનામત વર્ગના ઉમેદવારોએ નીચેની વિગતો ફરજીયાત આપવી.

| | | | હા | ના |
|---|---|---|---|---|
| (૧) | (i) | આપ અનુસૂચિત જાતિ (S.C.) ના ઉમેદવાર છો ? | | |
| | (ii) | આપ અનુસૂચિત જનજાતિ (S.T.) ના ઉમેદવાર છો ? | | |
| | (iii) | આપ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.) ના ઉમેદવાર છો ? | | |
| (૨) | | આપનો સમાવેશ અનુસૂચિત જાતિ (S.C.)માં થતો હોય તો આપનો ધર્મ દર્શાવો. | | |
| (૩) | | આપ અનામત જગ્યા સામે ઉમેદવારી નોંધાવા માંગો છો ? | | |

નોંધ : સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ ''અનામત કક્ષાના ઉમેદવારોએ બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત્ વયમર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ અન્ય ધોરણો) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામતની જગ્યા સામે ગણતરીમાં લેવાના થાય છે.'' આ જોગવાઈ વિચારણામાં લઈને ઉપરના કોલમ-૪(૩) માં માહિતી આપવી.

૫. આપ માજી સૈનિક/શારીરિક અશકત ઉમેદવાર પૈકીના જે હોય તે દર્શાવો

૬. નાગરિકત્વ ..............................................................................................................

૭. શૈક્ષણિક લાયકાત :

| સ્તર | પાસ કરેલ પરીક્ષા ડીગ્રી | મેળવેલ વર્ગ/ગ્રેડ (અને મેળવેલ ગુણના ટકા) | પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/યુનિ./સંસ્થાનું નામ | મુખ્ય વિષય | અન્ય વિષયો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| સ્નાતક | | | | | | |
| અનુ. સ્નાતક | | | | | | |
| કોમ્પ્યુટરની લાયકાત | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

૮. મેળવેલ અનુભવ/નોકરીના વર્ષ અને તારીખની ક્રમાનુસાર વિગતો.
( નીચે આપેલ જગ્યા અપૂરતી જણાય તો આ વિગતો દર્શાવતો અલગ કાગળ જોડી તેના ઉપર ઉમેદવારે સહી કરવી. )

| કચેરી / સંસ્થા /પેઢીનું નામ અને સરનામું | કચેરી સરકારી અર્ધસરકારી કે બિનસરકારી છે? | ધારણ કરેલ જગ્યા | નોકરી/અનુભવ | | પ્રત્યેક નોકરી/અનુભવના કુલ સમયગાળો | | | પગારધોરણ | ફરજનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | તારીખથી | તારીખસુધી | વર્ષ | માસ | દિવસ | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

**નોંધ :-અનુભવ હોવાનું જણાવતા હોય તે તમામ પ્રમાણપત્રોની નકલો અરજી સાથે બીડવી, અન્યથા આપની અરજી નામંજૂર કરવાપાત્ર ઠરશે.**

૯. ઈન્ટર્નશીપ પૂર્ણ કર્યા તારીખ ( માત્ર તબીબી જગ્યાઓ માટે ભરવું ) દિવસ [ ] [ ] માસ [ ] [ ] વર્ષ [ ] [ ] [ ] [ ]

૧૦. તબીબી/ દંત વિજ્ઞાન/ પશુ ચિકિત્સા/ કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં, જો રજિસ્ટ્રેશન જરૂરી હોય તો નીચેની વિગતો દર્શાવો.
(૧) કાઉન્સિલ / સંસ્થાનું નામ :- ..........
(૨) રજિસ્ટ્રેશન નંબર :- .......... તારીખ..........

૧૧. આપ વિધવા ઉમેદવાર છો ? જો હોય તો હા અન્યથા ના દર્શાવો .......... [ ]
જો હા, તો આપે પુનઃલગ્ન કરેલ છે ? આપે પુનઃલગ્ન કરેલ હોય તો હા અન્યથા ના દર્શાવો .......... [ ]

૧૨. આપ હાલમાં રાજ્ય સરકારની સેવામાં ફરજ બજાવતાં હોય તો સેવામાં જોડાયા તારીખ :-..........

૧૩. જાણતા હોય તે ભાષાઓ :- માતૃભાષા :- .......... અન્ય ભાષાઓ :-
બોલી શકો.......... વાંચી શકો.......... લખી શકો..........

૧૪. ગુજરાત જાહેર સેવા આયોગ અથવા અન્ય જાહેર સેવા આયોગ દ્વારા આપ કદી ગેરલાયક ઠર્યા છો?
( જો હા તો વિગતો આપો) જો હોય તો હા અન્યથા ના દર્શાવો .......... [ ]

૧૫. સરકારી સેવામાંથી આપને ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ છે ?
( જો હા તો વિગતો આપો) જો હોય તો હા અન્યથા ના દર્શાવો .......... [ ]

૧૬. અન્ય સંબંધકર્તા માહિતી. ( વધારાનો કાગળ જોડો )

૧૭. બિડાણોની વિગત.
(૧) (૪)
(૨) (૫)
(૩) (૬)

<u>બાંહેધરી પત્ર</u>

૧. હું આથી જાહેર કરુ છું કે મેં ઉપર દર્શાવેલ તમામ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. અરજીપત્રક સાથેની **"ઉમેદવારો માટેની સૂચનાઓ"** ની જોગવાઈ અનુસાર આયોગને આ વિગતો ખોટી, સંદિગ્ધ કે સત્ય છૂપાવતી જણાય તો આયોગનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

૨. મેં આ ભરતી માટે અરજી કરેલ છે અને તેની લેખિત જાણ મારા ખાતાના વડા / વિભાગને કરેલ છે.

સ્થળ :- .......... ..........

તારીખ :-.......... ★ જુઓ સૂચના નંબર ૨૦ : ☛ ★ ( ઉમેદવારની સહી )

# ગુજરાત જાહેર સેવા આયોગ

## સીધી ભરતી માટેના અરજીપત્રકનું પરિશિષ્ટ ( ઉમેદવારે ભરવું)

૧. જાહેરાત ક્રમાંક :-

૨. અરજી કરેલ જગ્યાનું નામ :-

૩. આયોગમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :-

**ફક્ત કચેરીના ઉપયોગ માટે**

(૧) બેઠક નંબર :- ..........

(૨) રૂબરૂ મુલાકાતનો નંબર :-E -.....

(૩) ભલામણ /પ્રતીક્ષાયાદી નંબર :- ........

*ઉમેદવારે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો પોતાની સહીવાળો ફોટો અહીં ચોંટાડવો.*

[જુઓ સૂચના નંબરઃ ૫(૧)]

૧. ઉમેદવારનું નામ — અટક — નામ — પિતા /પતિનું નામ

(અંગ્રેજીમાં capital અક્ષરોમાં) Shri/Kum./Smt.........................................................

(ગુજરાતીમાં મોટા અક્ષરોમાં) શ્રી/કુમારી/શ્રીમતી ..........................................................

૨. (અ) જન્મ તારીખ :- દિવસ — માસ — વર્ષ

(એસ.એસ.સી./ એચ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર અનુસાર)

(બ) જાહેરાતમાં દર્શાવેલ તારીખે ઉંમર — વર્ષ — માસ — દિવસ

| ૩.ફક્ત અનામત વર્ગના ઉમેદવારોએ નીચેની વિગતો ફરજીયાત આપવી. | | | હા | ના |
|---|---|---|---|---|
| (૧) | (i) | આપ અનુસૂચિત જાતિ (S.C.)ના ઉમેદવાર છો ? | | |
| | (ii) | આપ અનુસૂચિત જનજાતિ (S.T.)ના ઉમેદવાર છો ? | | |
| | (iii) | આપ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.)ના ઉમેદવાર છો ? | | |
| (૨) | | આપનો સમાવેશ અનુસૂચિત જાતિ (S.C.) માં થતો હોય તો આપનો ધર્મ દર્શાવો. | | |
| (૩) | | આપ અનામત જગ્યા સામે ઉમેદવારી નોંધાવા માંગો છો ? | | |

નોંધ :- સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ ‘‘અનામત કક્ષાના ઉમેદવારોએ બિન અનામત વર્ગના ઉમેમદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત્ વયમર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ અન્ય ધોરણો) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામતની જગ્યા સામે ગણતરીમાં લેવાના થાય છે. ’’ આ જોગવાઈ વિચારણામાં લઈને ઉપરના કોલમ-૪(૩) માં માહિતી આપવી.

૪. આપ માજી સૈનિક/શારીરિક અશકત ઉમેદવાર પૈકીના જે હોય તે દર્શાવો

૫. શૈક્ષણિક લાયકાત :

| સ્તર | પાસ કરેલ પરીક્ષા ડીગ્રી | મેળવેલ વર્ગ / ગ્રેડ (અને મેળવેલ ગુણના ટકા) | પાસ કર્યાનું વર્ષ | બોર્ડ /યુનિ. / સંસ્થાનું નામ | મુખ્ય વિષય | અન્ય વિષયો |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| સ્નાતક | | | | | | |
| અનુ. સ્નાતક | | | | | | |
| કોમ્પ્યુટરની લાયકાત | | | | | | |

૬. મેળવેલ અનુભવ/નોકરીની વર્ષ અને તારીખના ક્રમાનુસાર વિગતો.

(નીચે આપેલ જગ્યા અપૂરતી જણાય તો આ વિગતો દર્શાવતો અલગ કાગળ જોડી તેના ઉપર ઉમેદવારે સહી કરવી.)

| કચેરી / સંસ્થા /પેઢીનું નામ અને સરનામું | કચેરી સરકારી અર્ધસરકારી કે બિનસરકારી છે? | ધારણ કરેલ જગ્યા | નોકરી/અનુભવ | | પ્રત્યેક નોકરી/અનુભવના કુલ સમયગાળો | | | પગારધોરણ | ફરજનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | તારીખથી | તારીખસુધી | વર્ષ | માસ | દિવસ | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

**નોંધ :-અનુભવ હોવાનું જણાવતા હોય તે તમામ પ્રમાણપત્રોની નકલો અરજી સાથે બીડવી, અન્યથા આપની અરજી નામંજૂર કરવાપાત્ર ઠરશે.**

૭. ઈન્ટર્નશીપ પૂર્ણ કર્યા તારીખ (માત્ર તબીબી જગ્યાઓ માટે ભરવું)

| દિવસ | | માસ | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

૮. આપ વિધવા ઉમેદવાર છો ? જો હોય તો હા અન્યથા ના દર્શાવો ............................................ [ ]

જો હા, તો આપે પુનઃલગ્ન કરેલ છે ? આપે પુનઃલગ્ન કરેલ હોય તો હા અન્યથા ના દર્શાવો ................. [ ]

૯. આપ હાલમાં રાજ્ય સરકારની સેવામાં ફરજ બજાવતાં હોય તો સેવામાં જોડાયા તારીખ :- ....................................

(અ) જે જગ્યાએ જોડાયા તે તારીખે તે જગ્યાની નિયત વયમર્યાદામાં હતાં ? જો હતાં તો હા અન્યથા ના દર્શાવો .... [ ]

૧૦. પત્ર વ્યવહારનું હાલનું સરનામું :-

...................................................................

...................................................................

...................................................................

(પીન કોડ નંબર અવશ્ય લખવો) પીન કોડ નંબર [ | | | | | ]

કાયમી સરનામું :-

...................................................................

...................................................................

...................................................................

(પીન કોડ નંબર અવશ્ય લખવો) પીન કોડ નંબર [ | | | | | ]

★ જુઓ સૂચના નંબર ૨૦ : ☞ ★ (ઉમેદવારની સહી)

## ફક્ત કચેરીના ઉપયોગ માટે

| | ઉમેદવાર-- | અભિપ્રાય (હા / ના) ના.સે.અ. | સે.અ. | નાયબ સચિવશ્રી |
|---|---|---|---|---|
| ૧ | નિયત વયમર્યાદામાં છે ?<br>(ક) ગુજરાત સરકારના કર્મચારી છે?<br>(ખ) જો હા તો, વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે? | | | |
| ૨ | નિયત શૈક્ષણિક લાયકાત ધરાવે છે ? | | | |
| ૩ | જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત અનુભવ ધરાવે છે?<br>(ક) જો હા તો, સંબંધકર્તા કુલ અનુભવ. ........ વર્ષ ........ માસ<br>(ખ) જો ના તો, અનુભવમાં છૂટછાટ મૂકીને બોલાવવાનું સૂચન છે ?<br>(ગ) જો હા તો, કેટલા સમયગાળાનો ? | | | |
| ૪ | જાતિ પ્રમાણપત્ર રજૂ કરેલ છે ? | | | |
| ૫ | સરકારી કર્મચારીના કિસ્સામાં :-<br>(ક) ખાતા મારફત અરજી મળેલ છે ?<br>(ખ) જો ના તો, 'ના-વાંધા પ્રમાણપત્ર' સામેલ છે ? કે, મંગાવવાનું થાય છે ? | | | |
| ૬ | જરૂરી બધા પ્રમાણપત્રો બીડેલ છે ? | | | |
| ૭ | ઉમેદવાર રૂબરૂ મુલાકાતને પાત્ર થાય છે ? | | | |
| ૮ | વિશેષ નોંધ (જો હોય તો) | | | |

# ગુજરાત જાહેર સેવા આયોગ

## સીધી ભરતીના ઉમેદવારો માટે સૂચનાઓ (ઉમેદવારે પોતાની પાસે રાખવી, અરજી સાથે બીડવી નહીં.)

### અગત્યની સૂચનાઓ

૧. ઉમેદવારે અરજીપત્રકમાંની સઘળી વિગતો શબ્દોમાં કે આંકડામાં ભરવી. કોઈપણ ખાનું ખાલી ન રાખવું કે ટપકાં કરવા નહીં. જ્યાં લાગુ પડતું ન હોય ત્યાં 'લાગુ પડતું નથી' એમ સ્પષ્ટ દર્શાવવું.

૨. પરિશિષ્ટમાં સઘળી વિગતો દર્શાવવી જરૂરી છે.સંપૂર્ણ વિગતો વગરનું અથવા અધૂરૂં કે અસ્પષ્ટ અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં.

૩. એક કરતાં વધુ જગ્યાઓ માટે અરજી કરવા માંગતા ઉમેદવારે પ્રત્યેક જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

૪. નિયત અરજીપત્રક ન મળે તો ફક્ત વિદેશના ઉમેદવાર સાદા કાગળ ઉપર અરજી કરી શકશે. જ્યારે અન્ય ઉમેદવારોએ નિયત અરજીપત્રકમાં જ અરજી કરવી. સાદા કાગળમાં કરેલી અરજી અથવા ઝેરોક્ષ કોપીમાં કરેલી અરજી કે નિયત અરજીપત્રક સિવાય અન્ય રીતે કરેલી અરજી સ્વીકારવાને પાત્ર બનશે નહીં.

૫. નીચે દર્શાવેલ પ્રમાણપત્રો / ગુણપત્રક / દસ્તાવેજોની ઉમેદવારે જાતે પ્રમાણિત કરેલ નકલો અને અન્ય બીડાણ અરજીપત્રક સાથે અચૂક સામેલ કરવા. જો કોઈપણ જરૂરી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને / અથવા બીડાણ અરજીપત્રક સાથે મોકલવામાં આવેલ નહીં હોયતો અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૧) અરજીપત્રક તથા પરિશિષ્ટ પર પોતાના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા ચોંટાડીને ફોટા ઉપર ઉમેદવારે સહી કરવી.

(૨) જન્મતારીખ માટે એસ.એસ.સી.ઈ.પ્રમાણપત્રની નકલ (જુઓ સૂચના-૧૩)

(૩) અનુ.જાતિ/અનુ.જનજાતિના ઉમેદવારો માટેના જાતિ પ્રમાણપત્રની નકલ (જુઓ સૂચના-૧૪)

(૪) સા.અને શૈ.પ. વર્ગના ઉમેદવારો માટેનું "ઉન્નત વર્ગો"માં સમાવેશ ન થવા અંગેના પ્રમાણપત્રની નકલ. [જુઓ સૂચના-૧૪(૪)]

(૫) માજી સૈનિક / શારીરિક રીતે અશક્ત ઉમેદવાર હોવા અંગેના જરૂરી પ્રમાણપત્રની નકલ (જુઓ સૂચના-૧૫)

(૬) સ્નાતક / અનુસ્નાતક / ડિપ્લોમા પરીક્ષાના ગુણપત્રકની નકલ (જુઓ સૂચના-૧૭)

(૭) સ્નાતક / અનુસ્નાતક / ડિપ્લોમા પરીક્ષાના પ્રમાણપત્રની નકલ (જુઓ સૂચના ૧૭)

(૮) અનુભવના પ્રમાણપત્રની નકલ (જુઓ સૂચના-૧૮)

(૯) પોતાના નામ- સરનામાવાળું પરબીડિયું [જુઓ સૂચના-૧૨(૨)]

૬. ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને/અથવા અરજીપત્રકમાં માંગેલ જરૂરી માહિતી/વિગતો છૂપાવવાનો પ્રયાસ કરેલ હશે અને/અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ હશે અને તે ધ્યાન ઉપર આવશે તો, પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં આવા ઉમેદવારને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો, તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે.

૭. સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવવા પ્રયત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

### સામાન્ય સૂચનાઓ

૮. જાહેરાતક્રમાંક અને જગ્યાનું નામ :-

જાહેરાતમાં દર્શાવેલ જાહેરાતક્રમાંક તથા જગ્યાનું નામ, અરજીપત્રક તથા પરિશિષ્ટમાં સ્પષ્ટ દર્શાવવા.

૯. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :-

(૧) જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ અથવા તે પહેલાં "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, પહેલો માળ,બહુમાળી મકાન, લાલદરવાજા,અમદાવાદ-૩૮૦ ૦૦૧" ને મળી જાય તે રીતે રૂબરૂમાં અથવા ટપાલ દ્વારા (રજીસ્ટર્ડ પોસ્ટથી) અરજીપત્રક મોકલી આપવું.

(૨) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ મળેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

૧૦. અરજી ફી :-

(૧) અરજીપત્રકમાં અરજી ફી ની વિગતો અવશ્ય દર્શાવવી. ઉમેદવારોએ અરજીપત્રક સાથે જાહેરાતમાં દર્શાવેલ નિયત અરજીફી ભરવાની રહેશે.[મૂળ ગુજરાતના અનુ.જનજાતિ, અનુ.જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણે અરજીફીની બાબત અનુસરવાની રહેશે.]

(૨) અરજીફી આયોગની કચેરીમાં રૂબરૂમાં રોકડેથી અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખ પછી ખરીદાયેલ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ભરવાની રહેશે. (ભારતીય પોસ્ટલ ઓર્ડરની પાછળ નામ, સરનામું, જાહેરાતક્રમાંક તથા જગ્યાનું નામ દર્શાવવા ઉમેદવારને સલાહ આપવામાં આવે છે.)

(૩) ભારતીય પોસ્ટલ ઓર્ડર, " સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ-૩૮૦૦૦૧" ના નામનો ક્રોસ્ડ કરેલ તેમજ જરૂરી વિગતો ભરેલ હોવી જોઈએ.

(પાછળ જુઓ)

(૪) ભારત બહારથી અરજી કરતા ઉમેદવારે નિયત ફી ભારતના હાઈકમિશ્નર અથવા ભારતીય રાજદૂત અથવા ભારત સરકારના પ્રતિનિધિની કચેરીમાં જમા કરાવવી. તથા આવા ચૂકવણાની મૂળ પહોંચ દરેક અરજીપત્રક સાથે જોડવી.

(૫) જો એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરેલ હોય તો પ્રત્યેક અરજી સાથે ઉમેદવારે નિયત અરજીફી ભરવાની રહેશે.

(૬) ઓછી અરજી ફી ધરાવતા અથવા નિયત અરજી ફી વગરના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૭) અરજીફી વગરની અરજીની અગ્રિમનકલ (Advance copy) વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૮) આયોગ દ્વારા અરજી ફી પેટે મનીઓર્ડર, બેન્ક ડ્રાફટ અથવા ચેક સ્વીકારવામાં આવશે નહીં.

(૯) અરજી ફી કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

૧૧. <u>ઉમેદવારનું નામ</u> :-

(૧) અટકથી શરૂ કરીને ઉમેદવારે પોતાનું નામ તથા પિતા/પતિનું નામ અંગ્રેજીમાં (Shri/Kum./Smt. પૈકી લાગુ પડતુ રાખીને) કેપીટલ(capital) અક્ષરોમાં તથા ગુજરાતીમાં (શ્રી/કુમારી/શ્રીમતિ પૈકી લાગુ પડતુ રાખીને) અરજીપત્રક તથા પરિશિષ્ટમાં સ્પષ્ટ દર્શાવવા.

(૨) **<u>મહિલા ઉમેદવારોએ પિતા/પતિનું નામ, Kum./Smt. તથા કુમારી/શ્રીમતિ પૈકી લાગુ પડતી બાબત અરજીપત્રક તથા પરિશિષ્ટમાં અચૂક દર્શાવવી.</u>**

(૩) ઉમેદવારના નામમાં, અટકમાં કે અન્ય ફેરફાર થયેલ હોય તો તે અંગેના પુરાવા અરજી સાથે અચૂક બીડવા.

૧૨. <u>પત્રવ્યવહારનું સરનામું</u> :-

(૧) ઉમેદવારે પત્રવ્યવહારનું હાલનું તથા કાયમી સરનામું (પીન કોડ નંબર સહિત) અરજીપત્રક તથા પરિશિષ્ટમાં અવશ્ય દર્શાવવું.

(૨) ઉમેદવારે પત્રવ્યવહાર માટે અરજીપત્રક સાથે પોતાના નામ અને સરનામાવાળું પોસ્ટની ટિકિટ વગરનું ૨૫ સે.મી.X ૧૦ સે.મી.ના કદનું પરબીડિયું અવશ્ય મોકલવાનું રહેશે.જો આવું પરબીડિયું મોકલવામાં નહીં આવે તો રૂબરૂ મુલાકાત માટેનો પત્ર અને/અથવા પ્રાથમિક કસોટી માટેનો પ્રવેશપત્ર સમયસર નહીં મળેતો આયોગ કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહીં.

(૩) **<u>સરનામામાં ફેરફાર</u>** :-

(i) ઉમેદવારે પોતાના સરનામામાં જયારે પણ ફેરફાર થાય ત્યારે ફેરફાર થયેલ સરનામાની **"સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,પહેલો માળ, બહુમાળી મકાન,લાલદરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧"ને(નામ, નવું સરનામું, જૂનું સરનામું, જાહેરાતક્રમાંક, જગ્યાનું નામ, અનુ.ક્રમાંક અને જો બેઠકક્રમાંક આપેલ હોય તો તે વિગતો અચૂક દર્શાવીને)** ત્વરિત લેખિત જાણ કરવી. આવી જાણ નહીં કરવાથી જો કોઈ પત્ર ગેરવલ્લે જશે તો તે માટે આયોગ જવાબદાર રહેશે નહીં.

(ii) જો એક કરતાં વધુ જગ્યાઓ માટે અરજી કરેલ હોય તો પ્રત્યેક જગ્યા માટે ઉમેદવારે અલગ અલગ પત્રોથી આયોગને સરનામા ફેરફાર બાબતની જાણ કરવાની રહેશે.

(iii) ઉમેદવારે પોતાના નવા સરનામે પત્ર મળે તેવી વ્યવસ્થા કરવી. આયોગ ઉમેદવારના બદલાયેલ સરનામાની નોંધ રાખવા પૂરતા પ્રયત્ન કરે છે. છતાંપણ બદલાયેલ સરનામે પત્રવ્યવહાર નહીં મળે તો આયોગની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૩. <u>જન્મ તારીખ</u> :--

(અ) (૧) ઉમેદવારે અરજીપત્રક તથા પરિશિષ્ટમાં પોતાની જન્મ તારીખ (એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર અનુસારની) અરજીપત્રક તથા પરિશિષ્ટમાં દર્શાવીને જન્મ તારીખના તે પ્રમાણપત્રની નકલ અરજી સાથે અવશ્ય બીડવી.

(૨) **આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઈ.પ્રમાણપત્ર જ માન્ય રાખે છે.** પરંતુ એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ (Age and Domicile) પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવી. આવા વય અને અધિવાસના પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટ રીતે જણાવેલ હોવું જોઈએ કે,તેઓએ મેટ્રિકયુલેશન (એસ.એસ.સી.ઈ.)કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલા પુરાવાના આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ..........છે,જે મૂળ મેટ્રિકયુલેશન (એસ.એસ.સી.ઈ.)કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ કરતાં જુદી છે તેમ માનવાને પૂરતું કારણ છે.

(બ) <u>ઉંમર</u> :-

જાહેરાતમાં જણાવેલ તારીખ મુજબ થયેલ વર્ષ, માસ અને દિવસ અનુસારની ઉંમર અરજીપત્રક તથા પરિશિષ્ટમાં દર્શાવવી.

૧૪. <u>અનુ.જાતિ,અનુ.જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ</u> :-

(૧) અનુ.જાતિ,અનુ.જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તે અરજીપત્રક અને પરિશિષ્ટમાં અવશ્ય દર્શાવવું. (**કોઈપણ સંજોગોમાં** ખાનું ખાલી ના રાખવું કે ટપકાં કરવા નહીં પણ "લાગુ પડતું નથી", એમ દર્શાવવું.)

(૨) અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના કોલમમાં જે તે અનામત કક્ષા(Category)દર્શાવેલ નહીં હોયતો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો કરવામાં આવશે તો તે માન્ય રહેશે નહીં.

(૩) આપ આપની જે તે અનામત કક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો તે સ્પષ્ટ રીતે અવશ્ય દર્શાવવું. (**કોઈપણ સંજોગોમાં** ખાનું ખાલી ના રાખવું કે ટપકાં કરવા નહીં .)

(૪) અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજીપત્રક સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે (તથા રૂબરૂ મુલાકાત વખતે મૂળ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે) અરજીપત્રક સાથે આવા પ્રમાણપત્રો સામેલ કરવામાં આવેલ નહીં હોયતો પાછળથી પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯-૨-૯૬ના ઠરાવમાં જણાવ્યા મુજબ "પરિશિષ્ટ-ક" થી નિયત કરેલ નમૂના પ્રમાણે "ઉન્નત વર્ગો" (Creamy layer) માં સમાવેશ થતો ન હોવા અંગેના તાજેતરના પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક રજૂ કરવાની રહેશે.

(૬) **અનુ.જાતિના ઉમેદવારોએ પોતાનો ધર્મ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં અવશ્ય દર્શાવવો.**

**૧૫. <u>માજી સૈનિક / શારીરિક રીતે અશક્ત ઉમેદવાર</u> :-**

માજી સૈનિક / શારીરિક રીતે અશક્ત ઉમેદવાર પૈકીના જે ઉમેદવાર હોય તે અરજીપત્રક અને પરિશિષ્ટમાં અવશ્ય દર્શાવવું તથા સક્ષમ અધિકારી / સરકારી હોસ્પિટલ / મેડીકલ બોર્ડના પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક બીડવી.

**૧૬. <u>નાગરિકત્વ</u> :-**

ઉમેદવાર

(ક) ભારતનો નાગરિક, **અથવા**

(ખ) નેપાળનો પ્રજાજન, **અથવા**

(ગ) ભૂતાનનો પ્રજાજન, **અથવા**

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ હોવો જોઈએ, **અથવા**

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગલાદેશ), બર્મા(મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેઈર, ઈથોપીયા અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. **પરંતુ પેટા ક્રમાંક (ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.**

<u>નોંધ</u>:- **જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

**૧૭. <u>શૈક્ષણિક લાયકાત</u> :-**

જાહેરાતમાં માંગ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગતો ઉમેદવારે અરજીપત્રક તથા પરિશિષ્ટમાં અવશ્ય દર્શાવવી. તથા અરજીપત્રકમાં જણાવેલ શૈક્ષણિક લાયકાતના સમર્થનમાં ડિગ્રી/ડિપ્લોમાના પ્રમાણપત્રો અને /અથવા ગુણપત્રકની નકલ અરજી સાથે અચૂક બીડવી.

**૧૮. <u>અનુભવ</u> :-**

જાહેરાતમાં માંગ્યા મુજબનો અનુભવ ધરાવનાર ઉમેદવારે તે અંગેની સંપૂર્ણ વિગતો અરજીપત્રક તથા પરિશિષ્ટમાં અવશ્ય દર્શાવવી તથા તે અંગેના પ્રમાણપત્રોની નકલ અરજી સાથે અચૂક બીડવી. **જાહેરાતમાં અનુભવ ના માંગવામાં આવ્યો હોય તો પણ ઉમેદવાર અનુભવ ધરાવતા હોય તો તે અંગેની વિગતો અરજીપત્રક તથા પરિશિષ્ટમાં દર્શાવવી.**

**૧૯. <u>વિધવા ઉમેદવાર</u>:-**

ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રક અને પરિશિષ્ટમાં તે કોલમ સામે 'હા' અવશ્ય દર્શાવવું, અને પુનઃલગ્ન કરેલ છે કે કેમ? તેની 'હા' કે 'ના' વિગત અચૂક દર્શાવવી.

**૨૦. <u>ઉમેદવારની સહી</u> :-**

ઉમેદવારે અરજીપત્રક તથા પરિશિષ્ટમાં અવશ્ય સહી કરવી.ઉમેદવારની સહી વગરના અરજીપત્રક તથા પરિશિષ્ટ વિચારણામાં લેવામાં આવશે નહીં.

**૨૧. <u>ના વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate)</u>:-**

"ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી /કર્મચારીઓ આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે, અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ /ખાતા /કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે.જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે."

ભારત સરકાર અથવા અન્ય રાજ્યોની સરકારના સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી /કર્મચારીઓએ પોતાના વિભાગ /ખાતા /કચેરી મારફત **<u>અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધી મળે તે રીતે</u>** અરજી મોકલવાની રહેશે. જો કે આવા ઉમેદવાર બારોબાર અરજી કરી શકશે, પરંતુ રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારીનું **<u>"ના વાંધા પ્રમાણપત્ર"</u>** રજૂ કરવાનુ રહેશે, <u>રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારીનું **"ના વાંધા પ્રમાણપત્ર"** રજૂ નહિ કરનાર ઉમેદવારની રૂબરૂ મુલાકાત લેવામાં આવશે નહિ.</u>

**૨૨. <u>પ્રાથમિક કસોટી</u> :-**

(૧) ઉમેદવારની સંખ્યા વધુ હશે અને આયોગને જરૂરી જણાશે તો પ્રાથમિક કસોટી (પ્રિલિમિનરી ટેસ્ટ) યોજવામાં આવશે.ટેસ્ટનું માળખું આયોગ દ્વારા ઉમેદવારોને લેખિત પરીક્ષા માટેના પ્રવેશપત્રમાં દર્શાવવામાં આવશે. તમામ ઉમેદવારો માટે આવા ટેસ્ટ માટેનું કેન્દ્ર અમદાવાદ જ રહેશે. આવા ટેસ્ટનું માધ્યમ આયોગ અન્યથા નક્કી નહીં કરે તો, ગુજરાતી રહેશે.

(૨) પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે પોતાના ખર્ચે હાજર રહેવાનું રહેશે. તેઓને મુસાફરી ભથ્થું કે અન્ય ખર્ચ મળશે નહીં.

(પાછળ જુઓ)

(૩) પ્રાથમિક કસોટીમાં આયોગે નકકી કરેલ લાયકી ધોરણ મુજબ સફળ થયેલા અને જાહેરાતમાં દર્શાવેલ અનિવાર્ય લાયકાતો તેમજ શરતો પૂરી કરતા હશે તેવા ઉમેદવારોનેજ આયોગ રૂબરૂ મુલાકાત માટે બોલાવશે. પ્રાથમિક કસોટીમાં જરૂરી ગુણ મેળવેલ ઉમેદવાર ઉપર દર્શાવેલ શરતો પરિપૂર્ણ કરતાં નહીં હોય તો તેઓને આયોગ રૂબરૂ મુલાકાત માટે બોલાવશે નહીં.

૨૩. <u>રૂબરૂ મુલાકાત</u> :-

(૧) તમામ મૂળ દસ્તાવેજો રૂબરૂ મુલાકાત વખતે રજૂ કરવાના રહેશે અને એમ કરવામાં નિષ્ફળ નીવડનાર ઉમેદવારની રૂબરૂ મુલાકાત લેવામાં આવશે નહીં.આથી જરૂરી તમામ મૂળ પ્રમાણપત્રો ઉમેદવારે પોતાના હિતમાં તૈયાર રાખવા.

(૨) ઉમેદવારે આયોગ દ્વારા નકકી કરેલ સ્થળે રૂબરૂ મુલાકાત માટે સ્વખર્ચે હાજર રહેવું પડશે. (અનુ.જાતિ, અનુ.જનજાતિના ઉમેદવારો તથા રાજયના બેરોજગાર ઉમેદવારો કે જેમના માતાપિતા, વાલીની આવક આવકવેરાને પાત્ર થતી ન હોય તેઓને તેમના નિવાસસ્થાનેથી રૂબરૂ મુલાકાતના સ્થળ સુધી આવવા તથા પરત જવા માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ સંચાલિત બસ દ્વારા મુસાફરી કરતા એક વ્યકિતને જે ભાડું થાય તે સરકારના વખતોવખતના નિયમાનુસાર મળવાપાત્ર થશે.)

(૩) ઉમેદવારોને તેમની અરજીના પરિણામની જાણ યોગ્ય સમયમાં કરવામાં આવશે. રૂબરૂ મુલાકાતમાં પસંદગી ન થવાના કારણો અંગે ઉમેદવાર સાથે આયોગ કોઈપણ જાતના પત્રવ્યવહારમાં ઉતરશે નહીં.

૨૪. <u>નિમણૂક</u> :

(૧) આયોગ જે તે જગ્યા માટે ઉમેદવારની પસંદગી જ કરે છે. પસંદગી પામેલ ઉમેદવારની **<u>નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકાર દ્વારા જ કરવામાં આવતી હોઈ આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર અત્રે ધ્યાને લેવામાં આવશે નહીં</u>**.

(૨) ઉમેદવારનું શારીરિક સ્વાસ્થ્ય તંદુરસ્ત હોવું જરૂરી છે. પસંદગી પામેલ ઉમેદવારને સરકારના નિયમો અનુસાર તબીબી કસોટીમાંથી પસાર થવું ફરજીયાત છે.

૨૫. <u>ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂદ્ધ પગલાં</u> :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહીં. ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલોમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલોમાં કોઈપણ પ્રકારની અચોક્સાઈ અથવા વિસંગતતાઓ જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઈ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપી હોય,

(૩) કોઈ અન્ય વ્યકિત દ્વારા છળકપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજો રજૂ કર્યા હોય,

(૫) અગત્યની બાબત છૂપાવવા અથવા દોષયુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી માટે કોઈપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીઓમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઈપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવી, પુસ્તક, ગાઈડ, કાપલી તેવા કોઈપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઈ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઈપણ પ્રકારની શારીરિક ઈજા પહોંચાડવી, **અથવા**

(૧૧) ઉપરોકત જોગવાઈઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઈપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય તો ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, **અને / અથવા**

(ખ) તેને આયોગ લે તેવી કોઈપણ પરીક્ષા કે કોઈપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઈપણ પરીક્ષા કે પસંદગી માટે, **અને**

(૨) રાજય સરકાર હેઠળની કોઈપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે, **અને**

(ગ) જો તે સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂદ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતાં પહેલાં આયોગ / સરકાર દ્વારા ઉમેદવારને/ કર્મચારીને-

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું-હકીકત રજૂ કરવા, અને

(૩) શિક્ષા અંગે નિયત સમયમર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.